Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

સંદર્ભ: યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૪–૦૭–૨૦૨૩, ક્રમાંક : એસ./સાયન્સ/પરિપત્ર/૧૯૦૭૩/૨૦૨૩

## –: પરિપત્ર :–

વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને તથા વિભાગીય વડાશ્રીને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી વિજ્ઞાન વિદ્યાશાખામાં પરીક્ષાના માળખા અંગે વિચારણા કરતા વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૪/૦૭/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૧૨ અન્વયે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૭/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩૬ થી મંજૂર કરેલ હતી. જેમાં એકેડેમિક કાઉન્સિલ ની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક:૧ થી નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**<u>વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૪/૦૭/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૧૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક પેપરના કુલ ગુણનાં ૩૦ ટકા MCQ અને ૭૦ ટકા Descriptive એટલે કે ૧૫ માકર્સ MCQ અને ૩૫ માકર્સ Descriptive મુજબ પરીક્ષા લેવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૭/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૪/૦૭/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૧૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૧**

:: **વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૪/૦૭/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી સ્નાતક કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ નાં S.Y. અને T.Y. માટે ATKT ની પરીક્ષાઓ સિવાય અમલ કરવા મંજૂર કરવામાં આવે છે.**

ક્રમાંક : એસ./સાયન્સ/પરિપત્ર/૨૦૯૧૭/૨૦૨૩
તા.૧૦–૦૮–૨૦૨૩

કુલસચિવ

પ્રતિ,
૧) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ.
..... આપશ્રીની કોલેજ/વિભાગના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.

૨) અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.